| PUBLICATION NAME : | Divya Bhaskar |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 08/08/2023 |
| PAGE : | 01 & 11 |

### એમેઝોનના ગુજરાત સરકાર અને EDDI સાથે કરાર

# રાજ્યના હજાર હસ્તકલા કારીગરોનાં ઉત્પાદનો વૈશ્વિક બજારમાં વેચાશે

■ **ઈ-કોમર્સ થકી નાના કારીગરોને નિકાસ વધારવામાં મદદ મળશે**

**એજન્સી | નવી દિલ્હી**

ગુજરાતની નિકાસ વધારવાના હેતુથી એમેઝોન ઈન્ડિયાએ ગુજરાત સરકારના કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ તેમજ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) સાથે કરાર કર્યા છે. કરાર પછી ગુજરાતના 1 હજાર હસ્તકળા કારીગરોનાં ઉત્પાદનો વૈશ્વિક બજારમાં વેચાશે.

આ કરાર હેઠળ એમેઝોન તેના ઈ-કોમર્સ પ્રોગ્રામ 'એમેઝોન ગ્લોબલ સેલિંગ'માં ગુજરાતના વણાટ કામદારો, કારીગરો તેમજ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના એકમો પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ અંગે ગુજરાતના ગ્રામોદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે કહ્યું કે રાજ્યના નાના એકમોની ચીજવસ્તુઓની વધુ ને વધુ નિકાસ થાય તે અમારી પ્રાથમિકતા છે.

આ માટે હસ્તકલા સેતુ યોજના હેઠળ કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ એક હજાર હેન્ડલૂમ અને હેન્ડિક્રાફ્ટ કલાકારોની ઓળખ કરશે. આ ઉપરાંત એમેઝોન અને ઈડીઆઈઆઈ સંયુક્ત રીતે તાલીમ શિબિરો યોજશે. તેમાં કલાકારોને એમેઝોનનાં 18 વૈશ્વિક બજારમાં ઉત્પાદનો વેચતાં શીખવાશે.

એમેઝોન ઈન્ડિયાના ગ્લોબલ ટ્રેડ ડિરેક્ટર ભૂપેન વાકાનેરે આ અંગે કહ્યું કે આ કરાર નાના ઉદ્યોગો સાથે સંકળાયેલા લાખો લોકોને મદદ કરવાની દિશામાં મહત્ત્વનું પગલું છે.

# નિકાસને વેગ આપવા એમેઝોનની 'EDII'-સરકાર સાથે ભાગીદારી

**વડોદરા** નેશનલ હેન્ડલૂમ ડે નિમિત્તે, એમેઝોન ઈન્ડિયાએ ઈ-કોમર્સ નિકાસને વધારવામાં મદદ કરવા માટે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અને ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ વિભાગ સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. વડોદરાના અકોટા સ્ટેડિયમમાં સ્ટેટ ક્રાફ્ટ્સ એવોર્ડ્સ સેરેમની અને ઓડીઓપી એક્ઝિબિશન ખાતે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. એમઓયુના ભાગરૂપે, એમેઝોન ગ્લોબલ સેલિંગ નામના એમેઝોનના ઈકોમર્સ નિકાસ કાર્યક્રમ પર ગુજરાતના વણકર અને કારીગરો તેમજ અન્ય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે. આનાથી તેઓ 200થી વધુ દેશો અને પ્રદેશોમાં એમેઝોનના કરોડો ગ્રાહકોને તેમની અનન્ય 'મેડ ઈન ઈન્ડિયા' પ્રોડક્ટ્સ વેચી શકશે. કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ વિભાગ હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટ સેક્ટરમાં ગુજરાતમાંથી 1,000થી વધુ એમએસએમઈની ઓળખ કરશે.